**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૨ ડીગ્રી
ભેજ
સવારે ૫૫ ટકા ● સાંજે ૨૦ ટકા

# ગરમીથી બચવા નીત-નવા ઉપાયો અજમાવતા નગરજનો

**ગરમીએ હદ વટાવી છે. આકાશમાંથી વરસતી અગન જવાળા ચામડીને દાહ આપી રહી છે. ગરમી આક્રમક બનતા નગરનું જનજીવન પણ સુસ્ત પડી ગયું છે. ત્યારે આગ ઓકતી ગરમીથી બચવા નગરજનો અનેક નુસખા અજમાવી રહ્યા છે. આમ તો ધોમ ધખતા તાપમાં ઘરની બહાર જવું સલાહભર્યું ન હોવાનો પણ તબીબી મત છે ત્યારે અસહ્ય ગરમીમાં ઠંડા હુંડા કુલ કુલ રહેવાની બાબતે નગરજનો નીત-નવા ઉપાયો કરે છે.**



**● ડો. વલ્લરી વંકાણી :**

એક ડૉકટર તરીકે હું વધુમાં વધુ વૃક્ષો વાવીને તાપમાન ઘટાડવામાં માનું છું. એ.સી.નો ઉપયોગ બને ત્યાં સુધી ઓછો કરું છું. ઘરની આજુબાજુ વૃક્ષો વાવવાનો પ્રયત્ન કરું છું બને ત્યાં સુધી કોટનના સુતરાઉ કપડા જ પહેરવેશમાં લઉં છું. બહાર જતા હાથ, પગ, મોઢા તથા ખુલ્લા શરીર પર એન્ટી સનબર્ન લોશન તેમજ કોટનના મોજાનો ઉપયોગ કરું છું. પાણી વધારે પીવું છું અને બાળકોને જયુસ અને ટેંગ પીવાની સલાહ આપું છું. કાચી કેરી અને ડુંગળીનું સલાડ બપોરે જમવામાં લઉં છું જેથી લૂ ના લાગે. ઠંડક માટે વરીયાળી અને કાચી કેરીનું શરબત બનાવીને પીવું છું.



**● અનિલા વ્યાસ :**

સિનિયર સિટીઝન તરીકે આ કાળઝાળ ગરમીમાં રાહત મેળવવા હું વરિયાળીનું શરબત તથા તડબૂચનો રસ પીવું છું તથા માથામાં મહેંદી લગાવું છું. ખાસ સુતરાઉ કપડાંનો ઉપયોગ કરું છું. ફ્રીઝના ઠંડા પાણીને બદલે માટલાનું પાણી જ વાપરું છું. ખોરાકમાં ગરમ મસાલાનો બને તેટલો ઓછો ઉપયોગ કરું છું. અને સવારના ૧ વાગ્યાથી સાંજના પાંચ વાગ્યા સુધી શકય હોય તો ઘરની બહાર જવાનું ટાળું છું. જે શાકભાજીમાં પાણીનું પ્રમાણ વધારે હોય તેવા શાકભાજી જેમ કે દૂધી, ગલકાં, તૂરીયા, પરવળનો ઉપયોગ કરું છું.

**● કુંપલ દવે :**




૧૧ વાગ્યા સુધીમાં હું મારા દરેક કામ પતાવી દઉં છું. આમપન્ના જે ગોળ અને કેરીથી બને છે તે પીને ઘરની બહાર નીકળું છું. તડકામાં જો નીકળવું પડે તો પાણી લઈને જ નીકળુ છું. સાથે ગ્લુકોઝના બિસ્કીટ પણ રાખું છું. શરીરમાં ઠંડક કરવી જરુરી છે જેના માટે મરચા-મસાલા ઓછા લઉં છું. સૂપ બાફેલી વસ્તુ હાફ-કૂક કરીને લઉં છું. ગૌ મૂત્રનો અર્ક નહાવાના પાણીમાં નાંખીને જ નહાઉ છું. તડકામાં જતા અને આવીને ગ્લીસરીન, મધ અને મલાઈને મિક્ષ કરીને લગાવી લઉં છું. બને ત્યાં સુધી નેચરલ વસ્તુનો જ ઉપયોગ કરું છું. બહારના ઠંડા પીણાં અને ફુડ એવોઈડ કરું છું.


**● કિંજલ ઠક્કર :**



હું ઘરની બહાર નીકળું એટલે સાથે લીંબુ શરબત રાખું જ છું. બને ત્યાં સુધી બપોરના સમયે બહાર જવાનું ટાળી સવાર અને મોડી સાંજે જ દરેક કામ પતાવવાનો પ્રયત્ન કરું છું. કેરીનો બાફલો બનાવીને નિયમિત લઉં છું. ગરમીમાં લૂથી બચવા કેરી અને ડુંગળીનું સલાડ નિયમિત લઉં છું. સન સ્ક્રીનો ઉપયોગ જરુરથી કરું છું. જયારે બહાર નીકળું ત્યારે હાથના મોજા સાથે ગોગલ્સ તો પહેરું જ છું. ગરમ વસ્તુઓ એવોઈડ કરું છું. બાળકોને હું ખાસ ઘરના શરબત આપું છું અને આ વેકેશનમાં બાળકોને ૭ વાગ્યા પહેલા ઘરની બહાર રમવા જવા દેતી નથી.

**● સીમા દવે :**

હું મારો ચહેરો દુપટ્ટાથી ઢાંકી ગોગલ્સ પહેરીને જ ઘરની બહાર નીકળું છું. દિવસમાં સમય મળે તો ઠંડા પાણીની છાલકથી મોઢું જરુરથી ધોવું છું. સફરજન અને કાકડીના પલ્પ સાથે ચણાનો લોટ, હળદર, મધ અને લીંબુના રસને ભેળવીને ફેસ પર લગાવું છું. ટેનિંગ દૂર કરવા બટાકાનો પલ્પ અને ટમેટાના રસનો ઉપયોગ કરું છું.




શરીરની અંદરની ગરમીને દૂર કરવા મેડીટેશન કરું છે જેથી ગરમીના લીધે ગુસ્સો વધુ ન આવે. તીખું-તળેલું એવોઈડ કરું છું. તડબુચ/ટેટી/લીંબુ/મોસંબીનો રસ અને લીકવીડ વધુ લઉં છું.

**● રશ્મિતા ગોંડલીયા :**

ધોમધખતા તાપ અને ગરમીથી બચવ માટે શરીરમાં પાણીનું પ્રમાણ જળવાઈ રહે તેનું ધ્યાન રાખું છું. થોડી થોડી વારે પાણી, જયુસ કે શરબત પીવું છું. ગરમીમાં આવતા ફળો જેવા કે તડબુચ, દ્રાક્ષ, કેરી જેવા રસદાર ફળો ખાઉં છું. એક ઔષધી ગણાતી છાશ તે નિયમિત જમવામાં લઉં છું. જેના સેવનથી શરીરમાં ગરમી ઓછી લાગે છે. ડુંગળી પણ ખોરાકમાં લઉં છું. કાચી કેરીનું જયુસ બનાવીને તેમાં મીઠું નાંખીને લઉં છું. સાથે સાથે ફુદીનો, લીંબુ અને નમક નાંખીને જયુસ બનાવીને પીવું છું. અનાજમાં હું જવ અને ચોખા લઉં છું. આવા નાના નાના ઉપયોગથી ગરમીથી બચવામાં માનું છું.



# ગરમીની સિઝનમાં ઠંડા થવા આઈસક્રીમની હોટ ડિમાન્ડ

ગાંધીનગર, તા. ૨૬

આકાશમાંથી અગન ગોળા વરસી રહ્યા છે. નગરજનો આકરી ગરમીમાં રીતસરના શેકાઈ રહ્યાછે. ગરમીનો પારો દિન પ્રતિદિન ઊંચે જઈ રહ્યો છે ત્યારે કાળઝાળ ગરમીથી રાહત મેળવવા નગરજનો ઠંડા પીણા અને આઈસક્રીમનો સહારો લઈ રહ્યા છે. ત્યારે ઉનાળાને પગલે આઈસક્રીમમાં પણ સામાન્ય દિવસો કરતાં બમણો વધારો થવા પામ્યો છે. ત્યારે ગાંધીનગરના આઈસક્રીમ પાર્લરો પર આઈસક્રીમની મજા માણી ગરમીમાં રાહત મેળવતા નગરજનો નજરે પડી રહ્યા છે.

એક બાજુ ઉનાળાની આ ગરમી અને બીજી બાજુ બાળકોનું વેકેશન જેનાથી શહેરમાં રેગ્યુલર દિવસો કરતા આ દિવસોમાં આઈસક્રીમનો ઉપાડ બમણો થયો છે. શહેરના આઈસક્રીમ પાર્લરના માલિકોના જણાવ્યા મુજબ દર વર્ષ કરતા આ વર્ષે આઈસક્રીમનો ઉપાડ બમણો થયો છે. રેગ્યુલર દિવસોમાં ઘરાકી વીસથી ત્રીસ ટકા જેટલી રહે છે પરંતુ ઉનાળાના દિવસોમાં ગરમીથી બચવા શહેરીજનો આઈસક્રીમ, થીક શેક, લસ્સીનો સહારો લે છે. રોજ સાંજે પરિવારો આવીને ઠંડકમાં બેસે છે અને આઈસક્રીમ, થીકશેક અને લસ્સીની ભરપુર મજા લે છે. કહી શકાય કે પરિવારોનો ખર્ચ રોજ સાંજે આઈસક્રીમના સેવનથી વધ્યો છે.

બજારમાં વિવિધ ફલેવરના આઈસક્રીમ અને થીક શેક વેચાઈ રહ્યા છે. જેમાં બાળકો અને યંગસ્ટર્સમાં ડાર્ક ચોકલેટ થીકશેક હોટ ફેવરીટ છે. મોટાઓ ડાયફ્રૂટ શેક અને આલ્મડ અંજીર શેક પીવાનું વધુ પસંદ કરે છે. આઈસક્રીમમાં મુખ્યત્વે સોફ્ટી કોન અને કાચી કેરી, મંગો ડોલી અને ચોકલેટ, માવા બદામ કેન્ડી પ્રમાણમાં વધુ વેચાય છે. એકાંતરે આઈસક્રીમ ૧૫ રૂ. થી લઈને ૯૦ રૂ. સુધીમાં વેચાય છે. થીક શેક ૬૦ રૂ. થી લઈ ૨૦૦ રૂ. સુધીમાં વેચાય છે. બજારમાં નવો આવેલ તવા આઈસક્રીમ જે ફેમિલી ડીલ માટે પ્રખ્યાત છે તથા મિત્ર વર્તુળ એક તવા આઈસક્રીમમાંથી શેરિંગ કરતા જોવા મળી રહ્યા છે. જેનો ભાવ ૧૫૦ થી લઈ ૨૦૦ રૂ. સુધીનો છે અને જેમાં ચોકલેટ અને ફ્રૂટ અને નટ્સ હોટ ફેવરિટ છે. સાથે સાથે બજારમાં દરેક કંપનીના આઈસક્રીમ ફેમિલી પેક વેચાઈ રહ્યા છે જે પણ ચલણમાં છે.




# કામધેનુ યુનિવર્સિટીનો પાંચમો પદવીદાન સમારોહ આજે મહાત્મા મંદિર ખાતે યોજાશે

ગાંધીનગર, તા.૨૬

રાજયની કામધેનુ યુનિવર્સિટીનો પાંચમો પદવીદાન સમારોહ આજે તા.૨૭/૦૪/૨૦૧૯ને શનિવારના રોજ સવારે ૧૧-૦૦ કલાકે મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે રાજયપાલ શ્રી ઓ.પી.કોહલીના અધ્યક્ષે યોજાશે, એમ કામધેનુ યુનિવર્સિટીના કુલસચિવશ્રીની યાદીમાં જણાવાયું છે.

આ પદવીદાન સમારંભના મુખ્ય મહેમાન તરીકે કેન્દ્ર સરકારના પશુપાલન કમિશનરશ્રી (પશુપાલન, ડેરી અને મત્સ્ય) ડૉ. સુરેશ એસ. હોન્નાપાગોલ, અતિથિવિશેષ પદે ગુજરાત સરકારના પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ અને સહકારના સચિવ શ્રી મોહમ્મદ શાહિદ તેમજ કામધેનુ યુનિવર્સિટીના નિયામક મંડળ, વિદ્યાપરિષદ, આયોજન મંડળના સભ્યો ઉપસ્થિત રહેશે.


આ પદવીદાન સમારંભમાં અનુસ્નાતક કક્ષાએ પોસ્ટગ્રેજ્યુએટ ઈન્સ્ટિટયુટ ઓફ વેટરનરી એજ્યુકેશન એન્ડ રિસર્ચના બે તથા પોસ્ટગ્રેજ્યુએટ ઈન્સ્ટિટયુટ ઓફ ફિશરીઝ એજ્યુકેશન એન્ડ રિસર્ચના બે વિદ્યાર્થીઓ તેમજ સ્નાતક કક્ષાએ કોલેજ ઓફ ડેરી સાયન્સ, અમરેલીના ૪૨ તથા માનસિંહભાઇ ઈન્સ્ટિટયુટ ઓફ ડેરી એન્ડ ફુડ ટેકનોલોજી, મહેસાણાના ૨૯ વિદ્યાર્થીઓને પદવી કામધેનુ યુનિવર્સિટી દ્વારા એનાયત થનાર છે. પશુપાલન પોલીટેકનીક, રાજપુર (નવા) હિંમતનગરના ૨૭, શ્રી ગ્રામ સેવાકેન્દ્ર, ખડસલીના ૩૨, નવસર્જન પશુપાલન પોલીટેકનીક દેવપુરા-રણછોડપુરાના ૨૦, કેશવમ પશુપાલન પોલીટેકનીક, છાપીના ૧૯, વૃંદાવન પશુપાલન પોલીટેકનીક, જસદણના ૧૯ અને રિદ્ધિ પશુપાલન પોલીટેકનીક, મોતીપુરાના ૧૧ વિદ્યાર્થીઓને ડિપ્લોમા ઈન એનિમલ હસબન્ડરીના પ્રમાણપત્રો એનાયત થનાર છે. આ પદવીદાન સમારંભમાં ૭ વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓને ઉત્તમ શૈક્ષણિક યોગ્યતા પ્રાપ્ત કરવા બદલ ગોલ્ડ મેડલથી નવાજવામાં આવશે.

**@ગાંધીનગર**

● મેલડી આનંદ ગરબા મંડળ સે-૩-સીના મધુબેન કે. કડીકરના મધુર કંઠે જાગૃતિબેન ભટ્ટના નિવાસસ્થાન સે-૬-બી પ્લોટ નં. ૧૭૯/૨ ખાતે રાત્રે ૮ થી ૧૦ વાગ્યા સુધી આનંદનો ગરબો યોજાશે.

# શહેરની યુવા પેઢીમાં સમર એડવેન્ચર ટ્રેકિંગ કેમ્પનો ક્રેઝ વધ્યો

**બાળકોથી માંડીને વયસ્કો પણ જોડાઈ રહ્યા છે : ટ્રેકીંગ કેમ્પ દરમિયાન પર્વતારોહણ, જંગલ ટ્રેકિંગ, રીવર રાફટીંગ, રોપ કલાઈમ્બિંગ, સ્નો ટ્રેકિંગ વગેરેની બોલબાલા**



ગાંધીનગર, તા.૨૬

શહેરમાં વેકેશનનો પ્રારંભ થઈ ચુકયો છે અને જયારે શહેરમાં એક પેઢી એવી વાતો કરી રહી છે કે અમે વેકેશનમાં ગામડે આવી ધીંગા મસ્તી કરતા હતા અને તેવી મોજ માણતા હતા તેની સામે શહેરમાં નવી પેઢી છે જે વેકેશનનો અલગ જ રીતો મનભરીનો માણવા સમર ટ્રેકિંગ કેમ્પ કે એડવેન્ચર કેમ્પ વગેરેમાં જોડાઈને દૂરના પર્વતીય કે જંગલયુકત સ્થળોએ પહોંચી ગઈ છે. જી હા, અત્યારે શહેરમાં યુવા પેઢી અને બાળકોમાં પણ વેકેશનમાં નાના-મોટા ટ્રેકિંગ કેમ્પમાં કે એડવેન્ચર કેમ્પમાં જોડાવાનો ક્રેઝ જોવા મળે છે અને ગાંધીનગરની નવી પેઢીમાં અત્યારે કુલુ-મનાલી, બિન્સાર-નૈનિતાલથી માંડીને માઉન્ટ આબુ સુધીના ડેસ્ટીનેશન્સનો ક્રેઝ ભરપૂર જોવા મળી રહ્યો છે.

### મનાલી-બિન્સાર-નૈનિતાલ હોટ ફેવરિટ બન્યા

અત્યારે ગુજરાતમાં પાણીની તંગીનો માહોલ છે જેના કારણે ગુજરાતના સ્થળો જેવા કે બાકોર, ઝાંઝરી, સાપુતારા, વિજયનગરની પોળો કે ડાંગના જંગલો વગેરે શુષ્ક બન્યા છે. હાલ શહેરમાંથી કુલુ મનાલી, નૈનિતાલ, ઉત્તરાખંડના બિન્સાર તેમજ રાજસ્થાનમાં માઉન્ટ આબુ જેવા સ્થળો હોટ ફેવરિટ છે.

એક સમય હતો કે વેકેશન એટલે મામાને ઘરે જઈને રહેવું, ત્યારબાદ સમય આવ્યો કે ફેમિલી સાથે કોઈ ઐતિહાસિક કે કુદરતી પ્રવાસન સ્થળે ફરવા જવું, વળી, એમાં સંપન્ન પરિવારોમાં વિદેશમાં ફરવા જવાના ક્રેઝનો પણ સમાવેશ થાય છે. જો કે આજની પેઢીમા હવે એડવેન્ચર કેમ્પ, ટ્રેકિંગ કેમ્પ, બાઈકીંગ ટ્રીપ, નેચર ટ્રીપ જેવા આકર્ષણો હવે વધુ જોવા મળે છે. આ પ્રકારના કેમ્પ એકથી ત્રણ દિવસથી માંડીને ૧૦ થી ૧૨ દિવસ સુધીના જોવા મળે છે. જેમાં જંગલ ટ્રેકિંગ, પર્વતારોહણ, રોપ કલાઈમ્બીંગ, રીવર રાફટીંગ, રીવર ક્રોસીંગ, સ્નો ટ્રેકિંગ, કેમ્પ ફાયર, ઝીપ લાઈન, વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી, બર્ડ વોચીંગ જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. આ પ્રકારના સાહસિક પ્રવાસોમાં મોટે ભાગે તંબુમાં રાત્રિ રોકાણ કરવાનું હોય છે જે આયોજકો દ્વારા ખુલ્લામાં, જંગલમાં કે ડુંગર પર ઉભા કરવામાં આવે છે. આ પ્રકારના કેમ્પમાં યુવા પેઢીને સાહસ અને રોમાંચનો અનુભવ થાય છે અને કુદરતને વધુ નજીકથી જાણવાનો અવસર મળે છે. વળી, નવી પેઢીમાં વધતી જતી વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફીનો ક્રેઝ પણ આ માટે જવાબદાર છે. આ પ્રકારના સાહસિક કેમ્પમાં હવે સાત વર્ષથી માંડીને સત્તાવીસ વર્ષના યુવાનો પણ જોડાઈ રહ્યા છે.

## દાદા ભગવાન પરિવારનો સત્સંગ યોજાશે

ગાંધીનગર, તા.૨૬

દાદા ભગવાન પરિવાર ગાંધીનગર સેન્ટર દ્વારા આયોજીત આત્મજ્ઞાની પુજય નીરુમા અને આત્મજ્ઞાની પુજય દિપકભાઈના આશીર્વાદ પ્રાપ્ત આપ્ત પુત્રના સત્સંગ કાર્યક્રમનું આયોજન સેકટર-૧૨ આંબેડકર ભવન ખાતે તા. ૨૮ એપ્રિલના રોજ સવારે ૯ થી બપોરે ૧ વાગ્યા સુધી કરવામાં આવ્યું છે. સંસ્થા દ્વારા ગાંધીનગરના ધર્મપ્રેમી ભાઈઓ તથા બહેનોને સત્સંગ કાર્યક્રમનો લાભ લેવા સંસ્થા દ્વારા જણાવાયુ છે.

## હાઈબ્લડ પ્રેશરના કુદરતી ઉપચારો વિશે માર્ગદર્શન શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૨૬

વર્તમાન સમયની પ્રમુખ શારિરીક સમસ્યાઓ ગણાતો હાઈ બ્લડપ્રેશરના રોગના કારણો તથા તેના કુદરતી ઉપચારો વિષય પર શહેરની જાણીતી સંસ્થા સ્વત્વ યોગા સ્ટુડિઓ દ્વારા તા. ૨૮ એપ્રિલના રોજ સવારે ૯ થી ૧૦.૩૦ દરમિયાન નિઃશુલ્ક શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. વધુ માહિતી તથા રજીસ્ટ્રેશન કરાવવા માટે ૮૯૮૦૮૩૫૦૧૧ નંબર પર ફોન કરી જાણ મેળવવા સંસ્થાના માસ્ટર કોચ યોગાચાર્ય કુ. આનલ રાવલ દ્વારા જણાવાયું છે.

# રૂપકડાં બસ સ્ટેન્ડની સુંદરતાને બટ્ટો લગાડતી બિન અધિકૃત જાહેરાતોના સ્ટીકર્સ-પોસ્ટર્સ

**શહેરના મોટા ભાગના બસ સ્ટેન્ડમાં કોમર્શિયલ જાહેરાતોના સ્ટીકર્સ-પોસ્ટર્સની ભરમાર : વાઈબ્રન્ટ સમિટ વખતે રિનોવેટ કરેલા બસ સ્ટેન્ડસની દુર્દશા**

ગાંધીનગર, તા.૨૬

શહેરમાં ગત વાઈબ્રન્ટ સમિટ વખતે સીટી બ્યુટિફિકેશન અંતર્ગત તમામ બસ સ્ટેન્ડ તદ્દન નવી ડિઝાઈનના નવા જ રંગરોગાન સથે બનાવવામાં આવ્યા હતા. પરંતુ માત્ર ત્રણેક માસના જ ટૂંકા ગાળામાં શહેરના કેટલાક વ્યવસાયિકોએ આ બસસ્ટેન્ડની સુંદરતાને બટ્ટો લગાડવામાં કસર છોડી નથી. શહેરના રૂપકડાં બસ સ્ટેન્ડમાં અત્યારે બિનઅધિકૃત રીતે જાહેરાતના સ્ટીકર્સ અને પોસ્ટર્સ મોટી સંખ્યામાં ચોંટાડેલા જોવા મળે છે જેના કારણે બસ સ્ટન્ડને કરવામાં આવેલ રંગરોગાનનો પણ નુકશાન થઈ રહ્યું છે.

સરકાર દ્વારા નાગરિકોની સુવિધા માટે વિવિધ જાહેર સંપત્તિનો વિકાસ કરવામાં આવે છે અને આ જાહેર સંપત્તિને નુકશાન ન પહોંચાડવું તે દરેક નાગરિકની ફરજ બને છે. આમ છતાં સરકારી જાહેર સંપત્તિનો પોતાના અંગત હિતમાં ઉપયોગ કરવો અથવા કોઈ રીતે તેને નુકશાન પહોંચે તેવી પ્રવૃત્તિઓ કેટલાક તત્વો દ્વારા સરેઆમ આચરવામાં આવતી હોય છે. ગાંધીનગરમાં ગત જાન્યુઆરી માસ દરમ્યાન વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ યોજાઈ હતી. વૈશ્વિક કક્ષાની આ સમિટ દરમ્યાન શહેરમાં પધારનારા વિદેશી મહેમાનોને અનુલક્ષીને શહેરને સજાવવામાં આવ્યું હતું તથા શહેરની જાહેર સંપત્તિ જેમ કે બાગ બગીચા, રોડ રસ્તા બસ સ્ટેન્ડ વગેરેનું પણ રિનોવેશન કરોડો રૂપિયાના ખર્ચે કરવામાં આવ્યું હતું. જેને કારણે પાટનગર અત્યંત સુંદર શહેર બનવા પામ્યું હતું. જો કે શહેરમાં આ સમયે નવી ડિઝાઈન અને રંગરોગાન સાથે રિનોવેટ કરાયેલા તમામ બસ સ્ટેન્ડ શહેરીજનોને ખૂબ પસંદ આવ્યા હતા. હવે આ જ બસ સ્ટેન્ડ જોઈ શહેરીજનોને ઘૃણા ઉપજી રહી છે જેનું મુખ્ય કારણ તેમાં ખાનગી વ્યવસાયિકો દ્વારા બિન અધિકૃત રીતે પોતાના વ્યવસાયની જાહેરાત માટે આડેધડ રીતે લગાડી દેવામાં આવેલા પોસ્ટર્સ સ્ટીકર્સ વગેરે છે. શહેરમાં રેસ્ટોરન્ટ, ટયુશન કલાસીસ, સ્પર્ધાત્મક પરીક્ષાના કલાસીસ, ખાનગી હોસ્ટેલ્સ, લાયબ્રેરીઝ સહિત અનેક પ્રકારના વ્યવસાયની જાહેરાતોના રંગબેરંગી સ્ટીકર્સ લગભગ મોટાભાગના બસ સ્ટેન્ડમાં જોવા મળી રહ્યા છે જેને કારણે બસ સ્ટેન્ડનો મૂળ રંગ જોવા મળતો નથી તેવી સ્થિતિ પણ કેટલેક ઠેકાણે સર્જાઈ છે. વળી, આ સ્ટીકર્સ પોસ્ટર્સને કારણે બસ સ્ટેન્ડના રંગને નુકસાન થઈ રહ્યું છે. તેથી નાગરિકોમાં આ પ્રકારની જાહેરાતો લગાડનારા વ્યવસાયિકો પ્રત્યે રોષની લાગણી જોવા મળી રહી છે અને તેમની સામે કડક પગલાં ભરાય તેવી માંગ ઉઠવા પામી છે.

### જાહેરાતકારો વિરૂધ્ધ પગલાં ભરવા જોઈએ તેવી લોકલાગણી

બસ સ્ટેન્ડમાં લગાડાયેલી જાહેરાતોના સ્ટીકર્સ પોસ્ટર્સના પગલે બસ સ્ટેન્ડની સુંદરતા તો ઘટી છે પરંતુ કેટલાક અપડાઉન કરતા ટીખળી તત્વો દ્વારા આ પ્રકારના સ્ટીકર્સ પોસ્ટર્સ પર અભદ્ર લખાણો લખવામાં આવ્યા હોય તેવી સ્થિતિ પણ કેટલેક ઠેકાણે જોવા મળે છે. વળી કેટલાક મુસાફરો બસની રાહ જોતાં બેઠા હોય ત્યારે આવા સ્ટીકર્સ પોસ્ટર્સને ઉખાડવા પ્રયાસ કરે છે તેના કારણે બસ સ્ટેન્ડનો રંગ પણ ઉખડે છે અને કચરો પણ જમા થાય છે જેને પગલે આ જાહેરાતકારો પર કડક પગલાં ભરાય તેવી જનભાવના જોવા મળી રહી છે.



## ચિરવિદાય

- સ્વ. પટેલ જશુભાઈ કેશવલાલ, ઉ.વ. ૬૨
- સ્વ. વાઘેલા વસુબેન દલપતસિંહ, ઉ.વ. ૫૫
- સ્વ. ભીલ ગોવિંદભાઈ કેશાજી, ઉ.વ. ૪૮
- સ્વ. ચૌહાણ ધનુબેન વિજયસિંહ, ઉ.વ. ૮૧